૬

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, વડી કચેરી, ગાંધીનગરના આધુનિકરણ માટે વર્ષ ૨૦૨૨-૨૩ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

**રૂ. ૧૫૦.૦૦ લાખની મંજૂરી**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:મકમ/૧૦૨૦૧૮/ન.બા-૦૯/જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૨૨/૦૪/૨૦૨૨

વંચાણમાં લીધા-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૫/૦૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/રેકર્ડ/૨૦૨૧-૨૨/૯૭/ખ

આમુખ:-

વંચાણે લીધેલ ક્રમ (૧) પરના તા:૦૫/૦૨/૨૦૨૨ના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ,ગાંધીનગર દ્વારા નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ(વડી કચેરી),ગાંધીનગરના આધુનિકરણ માટેની રૂ.૧૫૦.૦૦ લાખની નવી બાબતનો નાણાંકીય વર્ષ-૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં સમાવેશ કરવા માટે દરખાસ્ત કરતાં, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં કુલ રૂ.૧૫૦.૦૦ લાખની નવી બાબત તરીકે બજેટ જોગવાઈ કરવામાં આવેલ. ઉક્ત નવી બાબતને વહીવટી મંજૂરી આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે, વર્ષ ૨૦૨૨-૨૩માં નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ(વડી કચેરી), ગાંધીનગરના આધુનિકરણ માટે રૂ.૧૫૦.૦૦ લાખની વર્ષ-૨૦૨૨-૨૩ની નવી બાબતને નીચે મુજબની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાંણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગૂ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

(૭) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૧૦) ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગર્વમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા:૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ તથા ત્યારબાદના વખતોવખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની તકેદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે રાખવાની રહેશે.

(૧૨) જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતી સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાંટ રીલીઝ કરવાની નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે તકેદારી રાખવાની રહેશે.

(૧૩) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

(૧૪) પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારૂ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenanceની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.

(૧૫) નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સૂચનાઓનું નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૬) સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજૂરીની મર્યાદામાં સમયસર પૂર્ણ થાય તે રીતે સમયબધ્ધ નાણાકીય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્રોત પાસેથી સમયસર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.

ઉક્ત નવી બાબત અંગે થનાર ખર્ચ નીચે મુજબના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

માંગણી ક્રમાંક :- ૯૫
મુખ્ય સદર :- ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ,
પેટા મુખ્ય સદરઃ- ૦૧-અનુસૂચિત જાતિઓનું કલ્યાણ,
ગૌણ સદર :- ૦૦૧-નિર્દેશ અને વહીવટ
પેટા સદર :- ૦૫, SCW-23, બધી કક્ષાએ વહીવટી તંત્રને સંગીન બનાવવું.

૨. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૧૩/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
2. માન. રાજ્ય કક્ષા મંત્રીશ્રી(અજાક-સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
4. અગ્ર સચિવશ્રી,નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
5. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
7. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
8. નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. સેકશન અધિકારીશ્રી (બજેટ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
10. સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તરફ, (વિભાગની વેબસાઈટમાં જ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે..)
11. પસંદગી ફાઇલ-૨૦૨૨.